સફળવાર્તા :

વર્ષ : ૨૦૧૧

લેખાંક – ૩

# આફત બની અવસર

સોલંકી યુગમાં નિર્માણ થયેલ, અંદાજે ૭૦૦ વિઘા જેટલા વિસ્તારમાં પથરાયેલ, સુંદર કોતરણીવાળી મૂર્તિઓ અને રમણીય ઘાટ સાથે સાત પગથાર નીચે તરફ લઈ જતી પાળ ધરાવતા સુંદર તળાવના કિનારે આવેલ સિધ્ધેશ્વરી માતાના મંદિરનાં વિશાળ પ્રાંગણમાં અંદા ત ૩૫૦ જેટલી મોટી સંખ્યામાં એકત્રીત થયેલ ખેડૂતો સાથે પરામર્શમાં ભાગ લેવાનું ખૂબ જ ગમ્યું. ગામ હતું મોજે – વાઘેલ, તાલુકો – સમી, લ્લો – પાટણ.



આ વાત ૨૧ મી જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ વાઘેલ ગામ અને તેની આસપાસના ગામોના ખેડૂતો દ્વારા યોજેલ સંમેલનની છે. ખેડૂતોએ સ્વયંભુ યોજેલ આ સંમેલનમાં નર્મદાના પાણી મળવાથી થનાર લાભોના સંપૂર્ણ એહસાસ હતો. તે વહેલામાં વહેલા તેઓના ખેતરો સુધી પહોંચે ત્યારે તેનો કાર્યક્ષમ ઉપયોગ કરી વધુમાં વધુ ખેત ઉત્પાદન મેળવવાની પ્રબળ ઈચ્છાશકિતની અભિવ્યકિત નજરે જોવા મળતી હતી. નિગમના જનસંપર્ક અધિકારીશ્રી હર્ષદભાઈ ઠાકર અને મુખ્ય ઈજનેરશ્રી યુ. એસ. ચાંદોરીકર પણ સાથે હતા. ઉદ્દેશ હતો – નર્મદાના પાણીનો ખેતીમાં અસરકારક ઉપયોગ કરવા, નહેરો બનાવવા સારૂ જમીન સંપાદન નહી પણ સોંપણી કરવા, તથા પાણીની વહેંચણીમાં સહભાગિતા કરવા અંગે



ખેડૂતોને માર્ગદર્શન કરવાનો... પરંતુ દુષ્કાળ જેવી પરિસ્થિતિ પાર કરવાના ખેડૂતોના પ્રયાસમાંથી પાઠ લેવાની બાબત ધ્યાને આવી.



સને ૨૦૦૯ ના ચોમાસાની ઋતુમાં સમી – હારીજ વિસ્તારમાં વરસાદ નહીવત થયેલ અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ નિર્માણ થયેલ હતી. જેથી વાઘેલ અને આજુબાજુના ગામોના ખેડૂતોને નર્મદાનું પાણી મળે તેવી તેઓની લાગણી, રાજય સરકારના યથાયોગ્ય સ્તરે અભિવ્યકત કરેલ. જેના અનુસંધાને ઉત્તર ગુજરાતનાં જે વિસ્તારમાં ઓછો વરસાદ પડેલ હતો તેવા મહેસાણા અને પાટણ લ્લાઓની જે ગ્રામપંચાયતો તેમની ન કમાંથી પસાર થતી નર્મદાની નહેરમાંથી ગામના તળાવ સુધી સ્વખર્ચે પાણી લઈ જવા તૈયાર હોય તે ગામના તળાવ ભરી આપવાની સુચના થયેલ, જેથી પાણીના અભાવે કોઈ ગ્રામજનોને હિજરત ન કરવી પડે અને ખેત ઉત્પાદન અને પશુઓની જાળવણી થઈ શકે.

નર્મદા પિયત વિસ્તારમાં આવતાં પાટણ લ્લાના ચાણસ્મા તાલુકાના કંબોઈ તેમજ નારણપુરા ગામ તથા સમી તાલુકાના સોઢવ, પાલવી, અરીઠા, જસોમાવ, વાઘેલ, કુકરાણા વગેરે ગામો પણ ખૂબ જ પાણીની અછતવાળા હતાં. તેમના તળાવો ભરવા નર્મદાની કેનાલ આ ગામોથી દૂર હતી. તેમ છતાં ભેગા મળીને ચિંતન અને નિરીક્ષણ કરતાં, કેનાલ પાસેથી નીકળીનેઆ ગામોમાંથી પસાર થતુ એક વહેડુ/ વહેણ ધ્યાન પર આવ્યું. પછી તો વારંવાર ભેગા થઈ તેના દ્વારા તળાવો ભરવા પાણી લાવવાની વ્યવસ્થા કેમ કરી તેની વિગત આપતાં સંમેલનના પ્રમુખશ્રી, ચંદનસિંહ વાઘેલાએ



જણાવેલ કે, સૌ પ્રથમ બધા ભેગા મળી ચર્ચા વિચારણા કરીને સામુહિક વ્યવસ્થા કરવા સારૂ કામચલાઉ ધોરણે શ્રી સિધ્ધેશ્વરી સહકારી મંડળીની રચના કરેલ. પાટણ–રાધનપુર સ્ટેટ હાઈવે પાસે ડાબી બાજુ કંકાવટી નામનું વહેડુ કેનાલ ક્રોસ કરી કંબોઈ, નારણપુરા, સોઢવ, પાલોલી, અરીઠા ગામ થઈને વાઘેલ સુધીના આશરે ૧૨ કી.મી. લંબાઈ સુધી પાણી લાવવાનું હતું. આ વહેડામાં આવેલ જાળા, ઝાંખરા, બાવળ, તથા અન્ય અડચણો દૂર કરવાના કામમાં આજુબાજુના ખેડૂતોએ શ્રમદાન અને આર્થિક સહયોગ કરેલ. વહેણમાં પાણી સરળતાથી વહે તે સારૂ જરૂરિયાત મુજબ જેસીબી નો ઉપયોગ કરી વ્યવસ્થિત કરેલ. જે પેટે થયેલ રૂા.સાડા ચાર લાખ જેટલા ખર્ચની રકમ, સ્વૈચ્છિક ફાળાથી એકત્રિત કરેલ. નહેરને કોઈપણ જાતનું નુકશાન ન થાય તે રીતે, ૩ વ્યાસની પચાસ જેટલી પાઈપોનો ઉપયોગ કરી બકનળીથી પાણીને વહેડામાં નાખી અને આ ગામોના તળાવ પાણીથી ભરેલ. આ રીતે કંકાવટી વહેડામાં પાણી વહેતુ થતાં, તેના બંને કાંઠે જમીન ધરાવતાં ખેડૂતોએ પોતાના ઓઈલ એન્જિનથી પાણી લઈ આશરે ૧૦,૦૦૦ વીઘા જેટલા વિસ્તારમાં પિયત કરી ઘઉનો મબલખ પાક લીધેલ.





શ્રી સિધ્ધેશ્વરી સહકારી મંડળીના બીજા એક આગેવાનશ્રી નટુભાઈ પટેલે જણાવેલ કે, જો નર્મદાનું પાણી મળેલ ન હોય તો, અન્ય પછાત જાતિ અને બક્ષીપંચની વધુ વસ્તી ધરાવતાં મોજે પાલોલી ગામના લોકોએ હિજરત કરવી પડી હોત. પાણી મળવાથી આઠ ગામોનો પાણીનો પ્રશ્ન હલ થયેલ. ખેડૂતો ઘઉંનું વાવેતર કરી સારૂ ઉત્પાદન મેળવી શકેલ અને દુષ્કાળ જેવી સ્થિતિ સરળતાથી પાર કરી શકાયેલ. ખાસ કરીને દૂધાળા પશુઓની નિભાવણી સારી થઈ શકવાથી દૂધ ઉત્પાદન પણ સારૂ મળેલ.



નહેરો બનાવવા માટે ખૂબ જ થોડી જમીન ખેડૂતો દ્વારા સોંપવામાં આવે તો ખૂબ જ મોટા વિસ્તારમાં પિયત સુવિધા વહેલી પ્રાપ્ત થાય અને નહેરોના કામો ઝડપથી પુરા કરી શકાય, તેમ સંમેલનમાં ઉપસ્થિત મુખ્ય ઈજનેરશ્રી, ઉદયભાઈ ચાંદોરીકર એ, નિગમની સંમતિ એવોર્ડની નીતિ સમજાવતાં જણાવેલ, જેના પ્રતિભાવમાં મોટાભાગના ખેડૂતોએ જરૂરી જમીન

સોંપણી કરવા તત્પરતા બતાવેલ. નિગમના કાર્યવાહક સંચાલક (કૃષિ), શ્રી આર. બી. મારવીયા એ ખેડૂતોનો ઉત્સાહ અને તત્પરતા જોઈ વધુ લાભ મેળવવા સારૂ મંડળીને ઝડપથી કાર્યાવિંત કરવા અને પિયાવો ઉઘરાવવા જણાવતા તુરંત ઉપસ્થિત ખેડૂતોએ પિયાવો ભરવાની તૈયારી બતાવેલ. તેઓશ્રીએ તે વિસ્તારની જમીન વિશે વિગતે સમજ આપી, તેની ગુણવત્તા જાળવી રાખવા સારૂ, ટપક અને ફુવારા પધ્ધતિ જયાં કાર્યરત હોય ત્યાં સ્થળ પર જઈને જોવા તથા ઝડપથી અપનાવવા જણાવેલ.

વાઘેલ આસપાસના આ આઠ ગામની દુષ્કાળની સ્થિતિને ગામના લોકોએ સામુહિક ચિંતન કરી સહિયારો પ્રયાસ કર્યો જેથી અછતની સ્થિતિ સહેલાઈથી પાર કરી શકયા. એટલું જ નહિ પણ ૧૦,૦૦૦ વીઘા જેટલા વિસ્તારમાં પિયત કરી શકયા અને ઘઉંનો સારો પાક પણ મેળવી શકયા. ઢોર – ઢાંખરની સારી રીતે નિભાવણી થતાં દૂધ ઉત્પાદન પણ જાળવી શકયા. એકન્દરે, અછતની પરિસ્થિતિના કપરાં કાળમાં ખેડૂત મિત્રોને સહભાગિતાનો સહીયારો મળ્યો. આફતને અવસરમા પલટવાનું આ ઉત્તમ ઉદાહરણ કહેવાય. નર્મદા પિયત વિસ્તાર હેઠળની દરેક મંડળીઓના સભ્યશ્રીઓ સહભાગીતાનો આવો આસ્વાદ લેવાનો પ્રયાસ કરે તો.........


સપર્ક

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**

(ગુજરાત સરકારનુ સપૂર્ણ માલિકીનુ સાહસ)
કૃષિ વિગ, કાર્યવાહક સચાલક (કૃષિ)
૧૨/૩ – સરદાર ભવન, સચિવાલય,
ગાધીનગર – ૩૮૨ ૦૧૦
ફેકસ ન. ૦૭૯ – ૨૩૨ ૨૩૦૫૬
ઈ મેઈલ : ed.cd.ssnnl@gmail.com